SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 72. ઉતર ગુજરાતનાં જૂના લોકગીતની સમીક્ષા

*હેમાંગી નરેન્દ્ર શ્રીમાળી*

**સારાંશ:**
આ શોધપત્રમાં ઉતરગુજરાતનાં એક જૂના લોકગીતની સમીક્ષા કરવામાં આવી છે. અહીં ગીતના શબ્દો, તેનો અર્થ, ઢબ અને શૈલી વિષે વાત કરવામાં આવી છે. અહીં આ ગીત પરના સંશોધનનો હેતુ કોઈ પણ લોકસંગીત-લોકગીત અભિવ્યક્તિ કે પ્રત્યાયનનું માધ્યમ કે પોતે જ અભિવ્યક્તિ કે પ્રત્યાયન કરી શકે છે કે નહીં તે જાણવાનો છે, આ ઉપરાંત લોકસંગીત કે લોકગીત જે તે પ્રાંતની, જગ્યાની લોકબોલી, સંસ્કૃતિ, વિષેની માહિતી આપી શકે છે કે નહીં તે જોવાનો છે. અહીં લાઇબ્રેરી પદ્ધતિનો તથા ઇન્ટરનેટના માધ્યમનો તથા સ્થાનિક સાથેની વાતચીત વગેરે પદ્ધતિઓનો શોધ માટે ઉપયોગ કરાયેલ છે. આ શોધપત્રની મુખ્ય શોધ એ જ છે કે લોકગીત-લોકસંગીત અભિવ્યતિ કે પ્રત્યાયન સીધું સાધી શકે છે કે નહીં કે તે પોતે (એટલે કે લોકગીત કે લોકસંગીત) અભિવ્યક્તિ કે પ્રત્યાયનનું માધ્યમ બની શકે છે કે નહીં? કોઈ પણ ગીત પરથી તેનો ઢાળ, તેનો સ્વભાવ, તેનું સંગીત, શબ્દો પરથી ભાષા કે લોકબોલી, તેમાં આવતા દરેક બાબતો પરથી તેનો પ્રકાર, ભાવ, તેનો પ્રસંગ વગેરે આ બધુ જ જાણી શકાય છે અને કોઈ પણ લોકગીત જે તે પ્રાંત-પ્રદેશનું સાહિત્ય, સંસ્કૃતિ, રીત-ભાત, લોકજીવનને અભિવ્યક્ત કરે છે. જેનાથી ઉપરોકત ગણાવેલ બાબતોનું ગીતથી જ સીધું કે પછી ગીતના ગીતના માધ્યમથી પ્રત્યાયન થાય છે.

**પ્રસ્તાવના:**
પ્રત્યાયન ઘણી બધી રીતે થાય છે. બોલીને, લખીને, ઇશારાથી, શરીરના હલન-ચલન, ચહેરાના હાવભાવ વગેરેથી થાય છે. એમ જ સંગીત પણ પ્રત્યાયન સાધે છે. જેમ કે કોઈ પણ ગીત, તેના ભાવ-રાગ પરથી તેના શબ્દો પરથી, તે કઈ બાબત જણાવવા બન્યું છે, ભાષા પરથી તે કયા પ્રદેશ – પ્રાંતનું છે. બોલ પરથી તેની સંસ્કૃતિ વિષેની માહિતી મેળવી શકાય છે. ભાવ પરથી તે કયા રસને દર્શાવે છે તે જાણી શકાય છે. આપણી સંસ્કૃતિમાં જીવનના દરેક પડાવને સંગીતથી દર્શાવવામાં આવ્યું છે. બાળક જન્મે ત્યારે હાલરડાં, છઠ્ઠીના ગીતો, માંડવાના ગીતો, લગ્નના ફટાણાં, મરણના મરશિયા વગેરે.. એટલે કે ગીતો જે તે પ્રસંગનું પ્રત્યાયન કરે છે તેના ભાવને અભિવ્યક્ત કરે છે. તેના ભાવ તેના રસ, શબ્દો અને બોલી તેના પ્રાંત કે પ્રદેશને અભિવ્યક્ત કરે છે. અમુક ગીતો જે તે લોકવાર્તાઓ, દંતકથાઓ, સત્યઘટનાઓનું પણ વહન કરતાં હોય છે. જેમ કે ચારણકન્યા, સૌરાષ્ટ્રના લોકગીતોમાં કહેવાતી ત્યાંનાં બહારવટિયાઓની વાર્તાઓ સાંભળવા મળે છે. એ સિવાય સંસ્કૃતિની, રીતિ-રિવાજોની, જે-તે પ્રદેશ-પ્રાંતની રહેણી-કરણીણી જાણકારી પણ લોકગીતો દ્વારા મળે છે. આપણી જૂની ગાથાઓ જેમ કે મહાભારત-રમાયણના કિસ્સાઓ પણ લોકગીતો દ્વારા જાણવા મળે છે. ઉ.દા, “કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે..” “શિવાજીનું હાલરડું”, ઉપરાંત આખ્યાનો પણ ગીતોમાં દ્વારા કહેવાયેલા છે. ઉપરોક્ત લખેલ બાબતોનું લોકગીતો-લોકસંગીત દ્વારા વહન થાય છે આ બધી માહિતી સચોટ મળે છે અને આ રીતે રીતિ-રિવાજો, સંસ્કૃતિ, પ્રદેશની જાણકારી મળે છે તે જાણવાનો આ શોધપત્રનો હેતુ છે જેની માટે ઉદાહરણ માટે અહીં ઉતરગુજરાતનું એક જૂનું લોકગીત લીધેલું છે જેની સમીક્ષા અહીં ક્કરવામાં આવશે. આનાથી લોકગીત-લોકસંગીત સંસ્કૃતિનો વારસો અને તેનું વહન કરે છે. સમાજને અભિવ્યક્ત કરે છે, સીધું પ્રત્યાયન કરે છે તેથી તે વારસા માટે લોકસંગીત મહત્વનું અંગ પણ બની રહે છે. આ બાબતની પુષ્ટિ કરવાનો અહીં પ્રયત્ન કરાયેલ છે.

**સાહિત્ય સમીક્ષા:**
સંગીત એ માનવજીવનનું કે સમાજનું અભિન્ન અંગ ગણી કે માની શકાય છે. જેમ નાત એ સમાજનું દર્પણ છે એમ સંગીત એ સમાજ-સંસ્કૃતિનું અભિન્ન અંગ છે તેમ અહી શકાય. તેના દ્વારા સમાજની સંસ્કૃતિ, દંતકથાઓ, લોકકથાઓ, ધાર્મિક કથાઓનું વહન એકક પેઢીથી બીજી પેઢી સુધી થાય છે. પરંતુ અત્યારે ઘણા બધા લોકસંગીતના પ્રકારો કે અમૂક લોકગીતો કે લોકગીતોના શબ્દો વિસરાઈ પણ ગયા છે તેને જ જીવંત કરવાનો અહીં પ્રયાસ છે.

સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્યનો સુભગ સમન્વય.

સંગીતનો મૂળ વેદ છે સામવેદ. જેમાં સંગીત શાસ્ત્ર વિષેની દરેક માહિતી ઊંડાણપૂર્વક આપેલી છે. સંગીતના સામાન્ય રીતે ત્રણ પ્રકાર છે.

1. શાસ્ત્રીય સંગીત,
2. ઉપ શાસ્ત્રીય સંગીત
3. સુગમ સંગીત અને લોકસંગીત

ભારતીય સંગીતની મુખ્ય બે પદ્ધતિઓ છે. હિન્દુસ્તાની સંગીત, જે ઉતર ભારતમાં પ્રચલિત થયું કર્ણાટકી સંગીત, જે દક્ષિણ ભારતમાં પ્રચલિત થયું.
ઉપશાસ્ત્રીય સંગીતમાં ઠુમરી, ટપ્પા, હોરી, કજરી વગેરે હોય છે. જ્યારે સુગમ સંગીતમાં ભજન, ભારતીય ફિલ્મ સંગીત, ગજલ, ભારતીય પોપ સંગીત, લોક સંગીત વગેરેનો સમાવેશ થાય છે.

લોકસંગીત એટલે લોકો દ્વારા, લોકો માટે બનેલ એ રચાયેલ સંગીત એટલે લોકસંગીત. આવી એક બહોળી વ્યાખ્યા છે. લોકસંગીતના મુખ્ય લક્ષણોમાં કૃત્રિમતાનો અભાવ, સહજ, સરળ, તદ્દન ઓછા સ્વરો, દ્વારા પ્રગટ થતું માધુર્ય, નૈસર્ગિક, પ્રાકૃતિક સ્વર અને તાલનો સમન્વય. પરંપરાગત રીતે ઉતરી આવેલો સંસ્કારવારસો, પ્રદેશે-પ્રદેશે વૈવિધ્ય, યુગોથી સચવાતા સ્વરોનું સંયોજન અને પ્રસંગ કે ભાવને અનુકૂળ તાલ, રાગ, ઢાળ જેવા તત્વો ગણાવી શકાય. સાધારણતયા ત્રણથી માંડીને ચાર, પાંચ કે છ કે સાત સ્વરોમાં (લોકગીતોમાં તો બહુધા પાંચ કે તેથી ઓછા સ્વરોમાં લોકસંગીત સીમિત હોય છે. લોકસંગીત એ અભ્યાસ કે રિયાઝ વિષય નથી, લોકોને જન્મથી જ મળ્યું હોય છે. આ સ્વરો ઉતેજક નહિ પણ ઉત્સાહપ્રેરક હોય છે. આમાં શાસ્ત્રીય બંધારણ હોતું નથી. આ સ્વર સંયોજન વારસાગત રીતે જ ઉતરી આવ્યું હોય છે. તેથી તેને શીખવા કોઈ આયાસ કરવો પડતો નથી. સૌરાષ્ટ્રની લોકસંગીતના અભ્યાસી અને મરમી સંશોધક શ્રી જયમલ્લભાઈ પરમારે લખ્યું છેઃ "લોકસંગીતમાંથી જ ગાયન, વાદન અને નર્તનની ત્રણેય પાંખો વિકસી છે એટલે કે લોકસંગીતમાં રાગ છે પણ શાસ્ત્રીય સ્વરૂપ નથી. સ્વરો છે પણ નિયમબદ્ધ થયેલા શાસ્ત્રીય રાગના પૂર્ણ સ્વરો નથી. એના વાધ્યોના તાલનું પણ શાસ્ત્રીય બંધારણ નથી. આમાં સંગીતનો લી અને તાલ સાચવવા 'એ..', 'એ.. જી.. રે', 'હે.. જી.. રે', 'લોલ..', 'માણા રાજ..', 'હાં.. હાં.. હાં..' જેવા સ્વરો ઉમેરવામાં આવે છે. સામાન્ય રીતે ગુજરાત-સૌરાષ્ટ્રના લોકસંગીતમાં સારંગ, માઢ, પીલુ, કાફી, ધનાશ્રી, કેદાર, ભીમપલાસી, બિહાગ વગેરે શાસ્ત્રીય રગોની છાયા દેખાય છે પરંતુ એ શાસ્ત્રીય રાગોના શુદ્ધ બંધારણ મુજબના તમામ સ્વરો લોકગીતોમાં પ્રયોજાતા નથી. કહેરવા, દીપચંદી, હીંચ, ત્રિતાલ, ધમાર, દાદરા, લાવણી, ખેમટો, તેવરા, મણિયારો, દોઢિયો, જેવા તાલ લોકસંગીતમાં ઉપયોગ થાય છે. પરંતુ તે પણ શાસ્ત્રીય રીતે તાલબદ્ધ હોતા નથી. ગીતનો ભાવ અને પ્રકૃતિ પ્રમાણે તે માત્ર વધઘટ થાય કે બદલાય છે. પરંતુ પરંપરા અનુસાર ચોક્કસ બંધારણમાં હોય જેથી તે ગાયક કે નર્તકને લયમાં જાળવી રાખે છે.

લોકવાધ્યોઃ સૌરાષ્ટ્રમાં લોકસંગીત માટે ચાર પ્રકારના લોકવાધ્યોનો ઉપયોગ થાય છે. આનદ્ધ વાદ્યોઃ ઢોલ, ઢોલક, ડાક, ડમરૂ, નગારું, ત્રાંસા અને નોબત વગેરે... ચામડાથી મઢેલા તાલવાદ્યો સુષિર વાદ્યોઃ પાવો, જોડિયા પાવા, બંસી, શરણાઈ, શંખ, શીંગી, ભૂંગળ અને મદારીની મોરલી વગેરે તંતુવાદ્યોઃ એકતારો-રામસાગર, તંબૂર, રાવણહથ્થો, જંતર, દેશી સિતાર વગેરે..ઘનવાદ્યોઃ મંજીરા, ઝાંઝા, કરતાલ, દાંડિયા, ઝાલર, ઘંટ વગેરે લોકસંગીત-લોકગીત સંસ્કૃતિનું વહન કરે છે. આપણા મહાકાવ્યો રામાયણ અને મહાભારત પણ ગેય છે. ગેય એટલે કે ગાઈ શકાય એવું.. તે પણ કાવ્યો છે વાર્તાના ફોર્મેટમાં લખાયેલ નથી. આ ઉપરાંત માણભટ્ટ એક કવિ તેઓ પણ હાથમાં વીંટીઓ પહેરી માણ પર વગાડીને સંગીત ઉત્પન્ન કરીને સૂરમાં આખ્યાનો ગાઈને સાંભળવતા હતા. વેદોમાં પણ શ્લોક અને રૂચાઓ આ દરેક સાહિત્ય સંગીતમય જ છે.
લોકસંગીતની વાત થાય એટલે શ્રી ઝવેરચંદ મેઘાણીનું નામ અગ્રેસર હોય. એમના ઉમદા પ્રદાને આપણને એક ચીલો ચીતરી આપ્યો છે. તેમાં અહીં વાત ઉતર ગુજરાતનાં લોકસંગીતની તેના લોકગીતોની કરવાની છે. ઉતર ગુજરાતનાં મહત્વના પાંચ જિલ્લાઓ છે. મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી છે. આ બધા લોકગીતો સામાજિક વિધિવિધાન, ઋતુચક્ર અને જીવનવ્યવહારના લોકગીતો હોય છે. ઘણા બધા સંશોધનો ઉતર ગુજરાતનાં લોકસંગીત પર થયા છે જેમાં ઘણા નોંધપાત્ર સંશોધનો તથા પુસ્તકો પણ પ્રાપ્ત થયા છે. તેમાં અમૃતભાઈ પટેલ, પ્રેમજીભાઈ પટેલ, વિનાયકભાઈ રાવલ, પ્રાગજીભાઈ ભાભી, ભલભદ્રસિંહજી રાઠોડ, ઉત્પલ પટેલ છે. આ ઉપરાંત ઉતરગુજરાતના આદિવાસી લોકસાહિત્ય પર કામ કરી સાહિત્ય પૂરું પડી 50 જેટલા પુસ્તકો શ્રી ભગવાનદાસ પટેલે આપ્યા છે. આમ આ

વિષયમાં ઘણું કામ થયેલું છે. આમ લગભગ ઉપરોક્ત વ્યક્તિઓએ કરેલ સંશોધનમાંથી જ લગભગ 60 ઉપર આ વિષયમાં પુસ્તકો આપણને પ્રાપ્ત થયા છે. જેમાં અલગ અલગ પ્રકારના, જિલ્લાના અને સમુદાયોના ગીતોનું વર્ગીકરણ, તેના શબ્દો, સમજૂતી, ખાસિયતો મળી રહે છે જેમાં જીવનપર્વના ગીતો, ઋતુચક્રના ગીતો, લગ્નના ગીતો, આણાંના ગીતો, ચુંદડી ઓઢાડવાના કે ચુંદડીના ગીતો, વિધિવિધાનના ગીતો, લોકસંસ્કૃતિના ગીતો જેવા ઘણા ગીતો અને તેની માહિતી મળી રહે છે. આમના મોટાભાગના ગીતો ક્ષેત્ર પર જઇ ઊંડાણપૂર્વક માહિતી એકત્ર કરીને મેળવાયેલા છે અને તેને શાસ્ત્રીય રીતે વર્ગીકૃત કરીને ગોઠવાયેલ છે.

**પદ્ધતિ:**

અહીં લાઇબ્રેરી પદ્ધતિ, ઇન્ટરનેટનું મધ્યમ તથા સંલગ્ન વ્યક્તિ સાથે વાતચીત કરીને માહિતી એકત્રિત કરાયેલ છે.

ઉતરગુજરાતના એક જૂનૂ ગીત અહીં પ્રસ્તુત કરી આસ્વાદ કરેલ છે જેનાથી તે જે તે પ્રાંતની કે ઉપરોક્ત પ્રસ્તાવનામાં જણાવેલ બાબતની ખાતરી આપે છે કે નહીં તે જાણવાનો અહીં પ્રયાસ છે.

લીલી પીળી ચંદરમાંની રાત જો
નણંદલ ભોજાઈ પોણીડો નિસર્યો રે
જોડો જોડો વેલડો તમે આજ રે
મારે જાવું મારા મૈયરીએ રે.. લીલી પીળી..
ખીલી ખીલી ચંદરમાંની રાત જો
ચોંદલીયો ઊગ્યો રે માજમ રાતમાં રે.. લીલી પીળી
હાંકો હાંકો વેલડો તમે આજ રે
સરખી સૈયર જોવે વાટ રે..
લીલી પીળી ચંદરમાંની રાત જો
નણંદલ ભોજાઈ પોણીડો નિસર્યો રે

પહેલી અને બીજી પંક્તિનો અર્થ:
લીલા અને પીળા રંગવાળી ચંદ્રની રાત છે.
નણંદ અને ભાભી પાણી ભરવા નીકળ્યા છે.

અહીં આ ગીતમાં વપરાયેલ શબ્દો પરથી તે કઈ જગ્યાનું છે છે તે જાણી શકાય છે. ગીતનો ભાવ રમતિયાળ હોય તેમ જણાય છે. અહીં ભાભી અને નણંદ પાણી ભરવા નીકળ્યા છે ચંદ્રની રાતમાં (આ રાત પૂનમ પણ હોય શકે જે પ્રમાણે ચંદ્રની વાત કકરી છે તે મુજબ) અહીં કોઈ સ્ત્રી સાસરેથી પિયર લઈ જવાની કે મૂકી જવાની વાત કરતી હોય એવું દર્શાવવામાં આવ્યું છે. જેમાં તેને મૂકી જવા માટે બળદગાડું તૈયાર કરવાનું સૂચવ્યું છે. રાતનો સમય અહીં દર્શાવાયો છે. ગીતમાં ચંદ્રની રાતનો પણ ઉલ્લેખ છે. અહીં હવે છેલ્લે બળદગાડાને ચલાવવાની વાત છે. તે કહે છે હવે ગાડું હાંકો મારા જેવી મારી બહેનપણીઓ મારી રાહ જોવે છે.

**નિષ્કર્ષ:**

આમ ભાવ, શબ્દો પરથી પ્રાંત જાણી શકાય છે. ગીત કઈ બાબતને સૂચિત કરે છે તે પણ જાણી શકાય છે. આમ લોકસંગીત કે લોકગીત પરથી પ્રાંત, લોકબોલી, સંસ્કૃતિને જાણી શકાય છે. ગીતના શબ્દો પરથી તેનો ભાવ કે કઈ બાબત માટે કે પ્રસંગ માટે લખાયું-ગાવાયું છે તે પણ જાણી શકાય છે. પરંતુ હજી પણ ગીતની ઉત્પતિ વિષે પણ ઊંડાણપૂર્વક માહિતી મેળવવી હોય તો અમૂક ગીતોની માહિતી તે રીતે પણ જાણી કે મેળવી શકાય છે.

**સંદર્ભસૂચિ**

ભારતીય સંગીત - વિકિપીડિયા

ગુજરાતનો સમૃદ્ધ વાંઙ્મય વારસો- ડૉ. નિરંજન રાજ્યગુરુ